# કલા નિર્દેશક (આર્ટ ડિરેક્ટર)

કલા નિર્દેશક (આર્ટ ડિરેક્ટર) સર્જનાત્મક પરિયાજનાઓની શરૂઆતથી લઈને અંત સુધી દેખરેખ રાખે છે. કલા નિર્દેશકો સામયિકો, જર્નલ, ઉત્પાદન-પેકેજિંગ, ફિલ્મો અને ટેલિવિઝન કાર્યક્રમની પ્રસ્તુતિમાં દ્રશ્ય શૈલીઓ અને તસ્વીરો માટે જવાબદાર છે. તેઓ એક પરિયોજના માટે ડિઝાઇન તૈયાર કરે છે, ઉપરાંત તેઓ કલા અથવા ડિઝાઇન તૈયાર કરનારા લોકોને માર્ગદર્શન આપે છે.

## વ્યક્તિગત નિપુણતા

- તમે સર્જનાત્મક અભિગમ ધરાવો છો
- તમે એક કુશળ સંવાદકર્તા છો તેમજ તમને ટીમમાં કામ કરવું પસંદ છે
- તમને પરિપ્રેક્ષ્ય અને આર્કિટેક્ચરલ ડ્રોઈંગનું જ્ઞાન ધરાવો છો
- તમે મૂળભૂત ભારતીય કલા અને શિલ્પકલાના વારસાથી પરિચિત છો



ફી

આ અભ્યાસક્રમની ફી આશરે રૂ. ૩૨,૯૦૦ થી ૯૪,૦૦૦* જેટલી હોય છે

*આ અંદાજિત રકમ છે અને વિવિધ શૈક્ષણિક સંસ્થાઓ મુજબ તેમાં ફેરફાર હોય શકે છે.

## શિષ્યવૃત્તિ

- **રાષ્ટ્રીય શિષ્યવૃત્તિ પોર્ટલ - www.scholarships.gov.in** ની મુલાકાત લો. આ પોર્ટલ હેઠળ કેન્દ્ર સરકારના વિવિધ વિભાગો, UGC/AICTE યોજનાઓ તેમજ રાજ્ય દ્વારા અમલમાં મુકવામાં આવેલી યોજનાઓ દ્વારા આપવામાં આવતી સહાય અંગેની માહિતી ઉપલબ્ધ છે.*
- ઉપલબ્ધ શિષ્યવૃત્તિની વિગતો માટે **digitalgujarat.gov.in** ની મુલાકાત લો. ધોરણ XI થી શરૂ થતી શિષ્યવૃત્તિ માટે આ એક પ્રવેશદ્વાર છે.*
- યોગ્યતાના આધારે સંસ્થાઓમાં પણ શિષ્યવૃત્તિ ઉપલબ્ધ છે.*

*(આ શિષ્યવૃત્તિની ઉપલબ્ધતા સમયાંતરે બદલાઈ શકે છે)

## લોન

- વિદ્યાલક્ષ્મી, **www.vidyalakshmi.co.in**, શૈક્ષણિક લોન મેળવવા માંગતા વિદ્યાર્થીઓ માટેનું એક પોર્ટલ છે. આ પોર્ટલ નાણાકીય સેવા વિભાગ, (નાણાં મંત્રાલય), ઉચ્ચ શિક્ષણ વિભાગ (શિક્ષણ મંત્રાલય) અને ઈન્ડિયન બેંક્સ એસોસિએશન (IBA)ના માર્ગદર્શન હેઠળ વિકસાવવામાં આવેલ છે.
- કેટલાક રાજ્યોમાં ઓછા વ્યાજ દરો સાથે વિદ્યાર્થી ક્રેડિટ કાર્ડ ઉપલબ્ધ છે, ઉદાહરણ તરીકે, પશ્ચિમ બંગાળ, ઓડિશા, બિહાર, વગેરે.
- તમામ બેંકો શૈક્ષણિક લોન આપે છે.

## પ્રવેશ માટે...

૧. કોઈપણ વિદ્યાશાખામાં ધો. ૧૨ પૂર્ણ કરો.

૨. વિઝ્યુઅલ આર્ટ્સ (દ્રશ્ય કલા) /ગ્રાફિક ડિઝાઇન/ફાઇન આર્ટ્સમાં સ્નાતકની ડિગ્રી મેળવો. **અથવા**

વિઝ્યુઅલ આર્ટ્સ/ગ્રાફિક ડિઝાઇન/ફાઇન આર્ટ્સમાં સ્નાતકની ડિગ્રી મેળવ્યા બાદ, વિઝ્યુઅલ આર્ટ્સ/ગ્રાફિક ડિઝાઇન/ફાઇન આર્ટ્સમાં અનુસ્નાતકની ડિગ્રી મેળવો.

**અથવા**

ગ્રાફિક ડિઝાઇન/ફાઇન આર્ટ્સમાં ડિપ્લોમા/સર્ટિફિકેટ અભ્યાસક્રમ પૂર્ણ કરો.

પ્રવેશ માટે, તમારે ચોક્કસ સંસ્થા જેવી કે એન.આઈ.ડી., યુ.સી.ઈ.ઈ.ડી., સી.ઈ.ઈ.ડી., એમ,આઇ,ટી.આઇ.ડી. ડિ.એ.ટી., બી.એચ.યુ., યુ.ઈ.ટી., જે.એમ.આઈ. ઈ.ઈ., વગેરેની પ્રવેશ પરીક્ષાઓમાં યોગ્યતા પ્રાપ્ત કરવી પડશે.

કૃપા કરીને નોંધણી દરમિયાન અભ્યાસક્રમનો સમયગાળો તપાસો

## અપેક્ષિત આવક

*અહી આપેલ આંકડાઓ ફક્ત સૂચક છે અને ફેરફારને પાત્ર છે

કલા નિર્દેશકનું અંદાજીત માસિક વેતન
રૂ. ૪૫,૦૦૦ થી ૯૧,૦૦૦* જેટલું હોય છે.

સ્રોત : bit.ly/3QG5VsT

## તમે ક્યાં કામ કરશો?

**કાર્યસ્થળ :** એનિમેશન સ્ટુડિયો, ટેલિવિઝન પ્રોડક્શન સ્ટુડિયો, ફિલ્મ પ્રોડક્શન સ્ટુડિયો, ગેમિંગ કંપનીઓ અને જાહેરાત એજન્સીઓ.

**કાર્યસ્થળનું વાતાવરણ :** આ ડેસ્ક જોબ નથી અને સ્થાનિક મુસાફરી એ કામગીરીનો ભાગ હોઈ શકે છે. તમે સહાયકો અથવા ડિઝાઇનરોના કામની દેખરેખ પણ રાખશો. તમને પાર્ટ-ટાઇમ અથવા કરાર આધારિત નોકરી મળી શકે છે.

*આ ક્ષેત્રમાં દિવ્યાંગ લોકો માટે કામ કરવાની તકો ઉપલબ્ધ છે.

## અપેક્ષિત પ્રગતિ પથ

રનર → ડિઝાઈનર → સ્ટોરીબોર્ડ આર્ટિસ્ટ → આસિસ્ટન્ટ આર્ટ ડિરેક્ટર/કોપીરાઈટર → આર્ટ ડિરેક્ટર → ક્રિએટિવ ડિરેક્ટર

**સર્ચ માટેના કીવર્ડ્સ ...**

આર્ટ ડિરેક્ટર, ક્રિએટિવ ડિરેક્ટર, એસોસિયેટ ક્રિએટિવ ડિરેક્ટર

## તમે અભ્યાસ ક્યાં કરશો?

**આ અભ્યાસક્રમ લલિત કલા (ફાઇન આર્ટ) / ગ્રાફિક ડિઝાઇન વિભાગ દ્વારા ઉપલબ્ધ કરાવવામાં આવે છે.** સંસ્થાઓની અહી આપેલ યાદી માત્ર સૂચક છે.

**સરકારી સંસ્થાઓ**

૧. જામિયા મિલિયા ઈસ્લામિયા, નવી દિલ્હી
૨. બનારસ હિન્દુ યુનિવર્સિટી (બી.એચ.યુ.), વારાણસી
૩. અલીગઢ મુસ્લિમ યુનિવર્સિટી, અલીગઢ
૪. ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ
૫. છત્રપતિ શાહુ જી મહારાજ યુનિવર્સિટી, કાનપુર
૬. એમ.કે.બી.યુ., ભાવનગર
૭. મહારાજા સયાજીરાવ યુનિવર્સિટી (એમ.એસ.યુ.), વડોદરા
૮. સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટ

**ખાનગી સંસ્થાઓ**

(અરજી કરતા પહેલા તપાસ કરો કે શું સંસ્થા યુ.જી.સી. સાથે સંલગ્ન અને માન્યતા પ્રાપ્ત છે કે નહી)

૧. મણિપાલ યુનિવર્સિટી ઓફ હાયર એજ્યુકેશન, મણિપાલ
૨. એલ.જે.આઈ.એમ.સી., અમદાવાદ
૩. એસ.પી.યુ., વિસનગર
૪. પેસિફિક યુનિવર્સિટી, ઉદયપુર
૫. એમિટી યુનિવર્સિટી, મુંબઈ
૬. કોનેરુ લક્ષ્મૈયા એજ્યુકેશન ફાઉન્ડેશન, ગુંટુર
૭. પારૂલ યુનિવર્સિટી, વડોદરા
૮. જાનકી દેવી વોકેશનલ સેન્ટર, નવી દિલ્હી

સંસ્થાઓના રેન્કિંગ અંગેની માહિતી અહીં ઉપલબ્ધ છે - https://www.nirfindia.org/2022/Ranking.html

**ડિસ્ટન્સ લર્નિંગ ઈન્સ્ટિટ્યુટ**

- ઈન્દિરા ગાંધી નેશનલ ઓપન યુનિવર્સિટી (IGNOU)
- ડૉ. બી. આર. આંબેડકર ઓપન યુનિવર્સિટી

**ઓનલાઈન અભ્યાસક્રમો**

- NPTEL* સ્વયમ: https://onlinecourses.nptel.ac.in › noc20_ar15 › preview

- www.ncs.gov.in
- www.skillindiadigital.gov.in
- https://anubandham.gujarat.gov.in

* એન.પી.ટી.ઈ.એલ.-નેશનલ પ્રોગ્રામ ઈન ટેક્નોલોજી એન્હાન્સ્ડ લર્નિંગ. તે ભારત સરકાર દ્વારા તૈયાર કરાવવામાં આવેલ છે જે ઓડિયો-વિડીયો સ્વરૂપમાં વિવિધ અભ્યાસક્રમો ઉપલબ્ધ કરાવે છે.

મને સ્કેન કરો

વેબસાઇટ પર જુઓ

## સાફલ્ય ગાથા

**આશ્રિતા કામથે** ભારત અને વિદેશમાં સંખ્યાબંધ ફીચર ફિલ્મો અને વિજ્ઞાપનોમાં કામ કર્યું છે. હાલમાં, તેઓ લોસ એન્જલસમાં જેમ્સ કેમેરોનની અવતાર શ્રેણીના નિર્માણમાં કલા નિર્દેશક તરીકે કામ કરી રહી છે. આશ્રિતા કામથે મુંબઈની સેન્ટ ઝેવિયર્સ કોલેજમાંથી સમાજશાસ્ત્રનો અભ્યાસ કર્યો અને ફીચર ફિલ્મો અને વિજ્ઞાપનો માટે બોલિવૂડમાં, આર્ટ વિભાગમાં કામ કરવાનું શરૂ કર્યું. બોલિવૂડમાં તેમના કેટલાક નોંધપાત્ર કાર્યોમાં વેસ્ટ ઈઝ વેસ્ટ અને જિંદગીના મિલેગી દોબારાનો સમાવેશ થાય છે. વર્ષ ૨૦૧૧માં, આશ્રિતાએ લોસ એન્જલસમાં પ્રતિષ્ઠિત એ.એફ.આઈ. કન્ઝર્વેટરીમાં અરજી કરી અને માત્ર ૧૪ પ્રોડક્શન ડિઝાઈન ફેલોમાંથી એક તરીકે તેમને સ્વીકારવામાં આવ્યા.*

સ્રોત : https://yourstory.com/2017/11/aashritas-love-affair-films-takes-hollywood-avatar

*ઉપરોક્ત માહિતી ફક્ત તાલીમ હેતુઓ માટે છે અને તેનો ઉપયોગ કોઈપણ વ્યાવસાયિક લાભ માટે કરવામાં આવશે નહીં.